શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

વર્ષ-૧૧ અંક-૩
માર્ચ – ૨૦૧૯
પંચવાર્ષિક લવાજમ
રૂા. ૨૫૦/-

બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની પૂણ્યતિથિ નિમિત્તે આયોજિત ગુણાનુવાદ સભામાં પૂજ્ય સ્વામીનું પૂજન કરતા સંતો તથા ઉપસ્થિત ભક્તજનો

સમાણા ગામે મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે યજ્ઞપૂર્ણાહુતિમાં તથા યજમાનોને આશીર્વાદ પાઠવતા પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા સદ્‌ગુરુ સંતો

શિવરાત્રી મહોત્સવ પ્રસંગે શિવપૂજન કરતા પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી, અમદાવાદ ગુરુકુલ

ધાર્મિકની પરીક્ષામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવતા પૂજ્ય સંતો, ધોલેશ્વર ગુરુકુલ

SGVP હોસ્ટેલ તથા મેમનગર ગુરુકુલમાં અભ્યાસ કરતા કોલેજના વિદ્યાર્થીઓના સભાવર્તન સમારોહ પ્રસંગે આશીર્વાદ પાઠવતા પૂજ્ય સંતો

ગુરુકુલ દર્શન

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક
પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

વચનામૃતના ઉદ્‌ગાતા ભગવાન શ્રી સ્વામિનારાયણ

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૧, માર્ચ : ૨૦૧૯, અંક : ૩

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : શાસ્ત્રી શ્રી યશવલ્લભદાસજી સ્વામી
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

છૂટક અંક : રૂા. ૫/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૩૯) ૨૩૯૧૨૫૯૧/૯૨

SwaminarayanGurukul
GurukulParivar
www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોષ્ટ ઓફીસ અથવા પોષ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

અલખ પુરુષ અવિનાશી...

અલખ પુરુષ અવિનાશી ભજ મન
અલખ પુરુષ અવિનાશી;
કર્મ કટે તારાં અનન્ત જન્મનાં
ફંદ મીટે ચોરાશી...
કૃષ્ણ હરિ સુખકારી ભજમન
કૃષ્ણ હરિ સુખકારી,
ભક્તિ ધર્મ સુત નામ નિરંતર
શ્રી ઘનશ્યામઉચારી...
અવિનાશી સુખરાશિ અજન્મા
સો મનુષ્યાકૃતિ ધારી,
પ્રગટ હોય પ્રભુ પરમ કૃપાનિધિ
વિચરત વારંવારી...
સમજ્યા વિના મ બોલીશ કે'દી
મુખથી મિથ્યા વાણી,
મમતા કેરો માથે મૂરખ
ભાર મ લેજે તાણી...
મારું મારું કરતો મૂરખ
મેલી ધન મરી જાસી,
બ્રહ્માનંદ કહે હજુ સમરી લે,
રસિક શ્યામ સુખરાશિ...

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીના જીવનપ્રસંગો

દરબાર ! સાધુ થાવું છે ?

- સ્વામી માધવપ્રિયદાસ

એકવાર સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી ગોંડલ વિસ્તારના ગામડાંઓમાં વિચરણ કરતા કરતા મેંગણી પધાર્યા હતા. સેવક તરીકે સ્વામી માધવપ્રસાદદાસજી સાથે હતા. સ્વામી માધવપ્રસાદદાસજી એટલે ધોરાજીવાળા પુરાણી સ્વામી મોહનપ્રસાદદાસજીના ગુરુ.

એ સમયે સ્વામી માધવપ્રસાદદાસજીની ઉંમર યુવાન હતી, ખૂબ જ ગુણિયલ સંત હતા. ઉત્સાહ અને મહિમાથી સ્વામી શ્રી બાલમુકુંદદાસજીની સેવા કરતા હતા.

મેંગણી એટલે સત્સંગમાં સુપ્રસિદ્ધ દરબાર માનસિંહજીનું ગામ. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના વચને દરબાર માનસિંહજીએ ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રય સ્વીકાર્યો હતો, કંઠી બાંધી વર્તમાન ધારણ કર્યા હતા, દારૂ-માંસનો ત્યાગ કર્યો હતો.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની કૃપાથી તેઓ મહાન ભક્ત થયા હતા. સત્સંગમાં તેઓ 'માનભા બાપુ'ના નામથી ઓળખાય છે.

માનભા બાપુના એકના એક કુંવર અમરસિંહજી પણ સત્સંગી થયા હતા, પરંતુ યુવાન ઉંમરે શ્રીજી મહારાજ સાક્ષાત્ દર્શન દઈને એમને ધામમાં તેડી ગયા હતા.

અમરસિંહજીના અક્ષરવાસ બાદ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના વચને એમને બે દીકરા થયા, માધવસિંહજી અને મેરૂભા.

મેરૂભાને ત્યાં કલ્યાણસિંહજી નામે દીકરા થયા. કલ્યાણસિંહજીને પાંચ પુત્રો હતા. એમાં એકનું નામ ભીમસિંહજી હતું.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી મેંગણી પધાર્યા ત્યારે કિશોરવયના ભીમસિંહજી સ્વામીના દર્શને આવ્યા.

મહાપ્રતાપી સ્વામીએ કુમાર ભીમસિંહજીની સામે દૃષ્ટિ કરી. સ્વામી ચમકી ગયા અને થોડીવાર ભીમસિંહજીની સામે જોતા જ રહ્યા. ભાલમાં લખાયેલા ભવિષ્યના ભણકાર સ્વામીએ પારખી લીધા.

સ્વામીએ પૂછ્યું, "દરબાર ! સાધુ થાવું છે ?"

ભીમસિંહજી પૂર્વ જન્મના યોગભ્રષ્ટ જીવ હતા. એમણે તુરત કહ્યું કે, "હા, સ્વામી ! મારે સાધુ થવું છે."

સ્વામીએ કહ્યું, "તો, તમારા પિતાશ્રીની રજા લઈ આવો !"

ભીમસિંહજીએ પોતાના પિતા કલ્યાણસિંહજીને કહ્યું, "બાપુ ! મારે સાધુ થાવું છે, મને રજા આપો."

દરબાર કલ્યાણસિંહજી ખૂબ સારા ભક્ત હતા. સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી પ્રત્યે એમને ખૂબ સ્નેહ હતો, પરંતુ કિશોર વયના દીકરાને સાધુ થવાની રજા આપતા એમનું દિલ ખચકાયું.

એમણે કહ્યું, "બેટા ! હજી તમે નાના છો, મોટા થાવ પછી સાધુ થજો !" આમ કહી દરબારે વાત ટાળી નાંખી.

ભીમસિંહજી સ્વામી પાસે આવ્યા અને કહ્યું, "સ્વામી ! બાપુ રજા દેતા નથી."

સ્વામીએ કહ્યું, "હશે ! જેવી મહારાજની મરજી !"

સ્વામી થોડો સમય મેંગણી રોકાણા. સત્સંગ-કથાવાર્તાનું સુખ આપ્યું, પછી આસપાસના ગામડાંઓમાં વિચરણ માટે પધાર્યા.

આ બાજુ ભીમસિંહજીને તાવ આવ્યો. તાવ અસાધ્ય નીવડ્યો. અનેક ઔષધ-ઉપચાર કર્યા, પણ તાવ હટવાનું નામ લેતો ન હતો.

ભીમસિંહજીના પલંગ પાસે આખો પરિવાર એકઠો થયો હતો. દરેકના મુખ ચિંતા અને ઉદાસીનતાથી ઘેરાયેલાં હતાં.

એવામાં ભીમસિંહજીએ આકાશ સામે બે હાથ જોડીને કહ્યું, "બાપુ ! શ્રીજી મહારાજ મને તેડવા પધાર્યા છે ! સદ્‌ગુરુ બાલમુકુંદદાસ સ્વામી અને માધવપ્રસાદ સ્વામી પણ સાથે છે."

યુવાન દીકરાની વાત સાંભળી બધાને થયું કે, 'તાવ વધારે પડતો છે એટલે કુમાર બરલે છે !' અર્થાત્ બેશુદ્ધિમાં જેમતેમ બોલે છે.

વળી ભીમસિંહજી બોલ્યા, "બાપુ ! મહારાજ મારી રાહ જોઈ રહ્યા છે, લ્યો સહુને જય સ્વામિનારાયણ ! હું મહારાજના ધામમાં જાઉં છું." એમ કહી દરબારે દેહ છોડી દીધો. આખો દરબારગઢ શોકમગ્ન થઈ ગયો.

થોડા દિવસ વીત્યા ત્યાં સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી ફરીથી મેંગણી પધાર્યા.

દરબાર કલ્યાણસિંહજી સ્વામીના દર્શને આવ્યા અને રડી પડ્યા.

સ્વામીએ દરબારને ધીરજ આપી અને કહ્યું, "દરબાર ! ભીમસિંહજી અમારે દર્શને આવ્યા ત્યારે અમે એના લલાટના લેખ વાંચી લીધા હતા. એમના ઉપર ફરતી કાળની છાયાને પારખી લીધી હતી. એટલે જ અમે એને સાધુ થવા કહ્યું હતું."

"જો એ સાધુ થયા હોત તો શ્રીજી મહારાજે એની આવરદા વધારી દીધી હોત, પણ તમે પુત્રમોહમાં અમારી વાતનો મર્મ સમજી શક્યા નહીં ! હશે, જેવી શ્રીહરિની મરજી. તમારો દીકરો અક્ષરધામમાં ગયો છે, શ્રીજી મહારાજને સુખે સુખિયો થયો છે, માટે શોક કરશો નહીં."

સ્વામીએ દરબારને ધીરજ બંધાવી. થોડો સમય મેંગણીમાં રોકાયા. દરબારનો શોક હળવો કર્યો, પછી સ્વામીએ જૂનાગઢ તરફ પ્રયાણ કર્યું.

મહાપુરુષોના વચન અકળ હોય છે. એ વચનનો મર્મ આપણી ટૂંકી બુદ્ધિ પામી શકતી નથી, માટે બુદ્ધિનું ડા'પણ મેલી મોટા પુરુષોની આજ્ઞામાં રહેવું. એમાં જ આપણું કલ્યાણ છે.

દરબાર કલ્યાણસિંહજીને બીજા ચાર દીકરા હતા. વિક્રમસિંહજી, ઘનશ્યામસિંહજી, સુરેન્દ્રસિંહજી અને ભરતસિંહજી (ભાઈલાકાકા).

આજે આ ચારેય ભાઈઓનો વંશ-વડલો સારી રીતે વિસ્તરેલો છે અને સારો સત્સંગ રાખે છે.

દરબાર માધવસિંહજીનો વંશ-વિસ્તાર પણ વડલાની જેમ વિસ્તરેલો છે.

નામદાર દરબાર અર્જુનસિંહજી આ વંશમાં થયા. કુમાર પ્રદ્યુમ્નસિંહજી પણ આ જ વંશમાં થયા. કુમાર પ્રદ્યુમ્નસિંહજી ઈંગ્લેન્ડમાં ભણ્યા હતા, આઈ.એ.એસ. ઓફિસર થયા હતા અને ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ તરીકે સેવા બજાવી હતી.

શાસ્ત્રીજી મહારાજે રાજકોટ ગુરુકુલનું ખાતમૂહુર્ત કુમાર પ્રદ્યુમ્નસિંહજી પાસે કરાવ્યું હતું. ગુરુકુલના પ્રથમ ટ્રસ્ટી મંડળમાં સ્વામીએ એમની ટ્રસ્ટી તરીકે પસંદગી કરી હતી.

ભૂપેન્દ્ર રોડ ઉપર જે સુપ્રસિદ્ધ સ્વામિનારાયણ મંદિર છે, એનું ખાતમૂહુર્ત પણ કુમાર પ્રદ્યુમ્નસિંહજીના હાથે થયું હતું.

નોંધઃ- ધોરાજીવાળા પૂજ્ય પુરાણી શ્રી મોહનપ્રસાદદાસજી સ્વામીના મુખેથી સાંભળેલો પ્રસંગ.

કુંકાવાવના સુંદરજી ગીલા

કુંકાવાવ ગામે લુહાણા જ્ઞાતિમાં એક ખૂબ સારા હરિભક્ત હતા. ઠક્કર સુંદરજી ગીલા એમનું નામ હતું. સુંદરજી વ્યવહારે દુબળા હતા.

સ્વામી બાલમુકુંદદાસજીના આશીર્વાદથી સુંદરજીભાઈનો વ્યવહાર સારો થયો હતો. એકવાર સુંદરજીભાઈને શરીરે મંદવાડ આવ્યો. સુંદરજીભાઈએ સ્વામીને પત્ર લખ્યો, "સ્વામી ! મારે શરીરે સારું નથી. આપ મને દર્શન દેવા પધારો."

સુંદરજીની વિનંતી સાંભળી દયાળુ સ્વામી કુંકાવાવ પધાર્યા અને સુંદરજીભાઈને દર્શન દીધા.

સ્વામીના દર્શન માત્રથી સુંદરજીભાઈનો મંદવાડ દૂર થયો.

સુંદરજીભાઈ પૂર્વ જન્મના ભારે પુણ્યશાળી જીવ હતા. તેઓનું શરીર સાજું-માંદું રહ્યા કરતું હતું.

નાનાં બાળકને જેમ પોતાની માતાનો જ આશરો હોય એમ સુંદરજીભાઈને સારાં-માઠાં પ્રસંગોમાં એક માત્ર સ્વામીનો જ આશરો હતો. સુંદરજીભાઈ અવાર-નવાર સ્વામીને કાગળ લખીને કુંકાવાવ તેડાવતા. સુંદરજીભાઈની મુમુક્ષુતાને લીધે સ્વામી પણ જ્યારે જ્યારે સુંદરજીભાઈ કાગળ લખે ત્યારે ત્યારે અવશ્ય કુંકાવાવ સુંદરજીભાઈને દર્શન દેવા પધારતા.

કુંકાવાવના નાના-મોટા હરિભક્તોને પણ સુંદરજીભાઈ પ્રત્યે ભારે આદરભાવ હતો. અફીણના બંધાણીને જેમ અફીણનું વ્યસન પડી ગયું હોય એમ સુંદરજીભાઈને સ્વામીના દર્શનનું વ્યસન પડી ગયું હતું.

એકવાર સ્વામી હાટીના માળિયા બિરાજતા હતા. આ બાજુ કુંકાવાવમાં સુંદરજીભાઈના શરીરે મંદવાડ વધ્યો.

મંદવાડ વધ્યો એટલે સુંદરજીભાઈએ પોતાનો ખાટલો મંદિરમાં લેવડાવ્યો અને સ્વામીને કાગળ લખી વિનંતિ કરી કે, "સ્વામી ! કૃપા કરી મને દર્શન દેવા પધારો." સુંદરજીભાઈનો પત્ર મળ્યો એટલે સ્વામી માળિયાથી રવાના થઈ જૂનાગઢ પધાર્યા. સ્વામીને અચાનક જૂનાગઢ આવેલા જોઈ નારાયણદાસજી સ્વામીએ પૂછ્યું, "સ્વામી ! કેમ અચાનક આવવાનું થયું?"

સ્વામીએ કહ્યું, "કુંકાવાવ સુંદરજીભાઈ માંદા છે, એમનો કાગળ આવ્યો છે એટલે એમને દર્શન દેવા કુંકાવાવ જવું છે."

સ્વામી નારાયણદાસજીએ કહ્યું, "એની માંદગી તો કાયમની ઊભી છે અને કાગળ આવ્યા જ કરે છે. આપ આ ઉંમરે કુંકાવાવનો ધક્કો ક્યાં ખાશો ? થાકી જશો !"

સ્વામી બોલ્યા, "સુંદરજીભાઈની આ વખતની માંદગી જુદી રીતની છે. આ વખતે મહારાજ એમને તેડી જશે માટે એને છેલ્લા દર્શન દેવા જાવું જરૂરી છે." આટલું કહી સ્વામી જૂનાગઢથી નીકળી કુંકાવાવ પધાર્યા.

કુંકાવાવમાં એ સમયે સ્વામી કૃષ્ણચરણદાસજી પણ પોતાના સંત-મંડળ સાથે વિરાજમાન હતા. સ્વામીના દર્શનથી કૃષ્ણચરણદાસ સ્વામી, સર્વ સંતો તેમજ સુંદરજીભાઈને અત્યંત આનંદ થયો.

સુંદરજીભાઈએ સ્વામીને કહ્યું, "સ્વામી ! હું આપને વારંવાર કુંકાવાવના ધક્કા ખવડાવું છું માટે રાજી રહેજો." સ્વામીએ કહ્યું, "સુંદરજી ! એની ચિંતા ન કરવી. ભગવાન અને સંતો તો ભક્તને આધીન હોય છે."

સુંદરજીભાઈએ કહ્યું, "સ્વામી ! આ રોજ રોજની માંદગી બહુ પરેશાન કરે છે, હવે કૃપા કરી તમે મને ધામમાં મોકલી દો"

સ્વામી બોલ્યા, "સુંદરજી ! આ માંદગી તો મહારાજે તમારી કસર કાઢવા મોકલી છે. તમારો જીવ હવે ચોખ્ખો થયો છે."

સ્વામીએ સુંદરજીભાઈના દીકરા દામોદરને બોલાવ્યો અને કહ્યું, "દામોદર ! આજે સાંજના છ વાગે મહારાજ તારા બાપાને ધામમાં તેડી જશે, માટે તમે સૌ પરિવારજનો વહેલા જમી પરવારીને છ વાગ્યા પહેલા મંદિરે આવી જજો."

સ્વામીના કહેવા પ્રમાણે સુંદરજીભાઈના પરિવારજનો મંદિરમાં હાજર થઈ ગયા. સ્વામીએ કહ્યું, 'સુંદરજી ! અમે તમને ધામમાં વળાવવા જ આવ્યા છીએ. આજે સાંજે મહારાજ તમને ધામમાં તેડી જશે. માટે હવે મહારાજની મૂર્તિ સિવાય બીજે ક્યાંય મન રાખશો નહિ.'

સુંદરજીભાઈ બોલ્યા, 'ભલે સ્વામી ! મહારાજ તેડી જાય તો હું તૈયાર છું.' સુંદરજીભાઈનો ધામમા જવાનો સમય નજીક આવ્યો. સુંદરજીભાઈએ પોતાના દીકરા દામોદરને કહ્યું, "તું મારા વતી બધા સંતોની પૂજા કર અને પોતિયાં ઓઢાડ."

દામોદરે સ્વામી તથા બધા સંતોની પૂજા કરી પોતિયાં ઓઢાડ્યા.

સુંદરજીભાઈ કહે, "એલા દામોદર ! આ બાઈઓનું નવું મંદિર થાય છે એમાં રૂપિયા બસો આપજે. બીજું, ઘરમાં તાંબાની ગોળી છે, તે આ મંદિરમાં આપી દેજે." સુંદરજીભાઈ આ રીતે જાત-જાતની ભલામણ કરવા લાગ્યા.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી બોલ્યા, "સુંદરજી! હવે બધા સંકલ્પો પડતા મૂકો અને મહારાજમાં મન રાખો." સ્વામીએ ટકોર કરીને સુંદરજીના શુભ સંકલ્પો પણ બંધ કરાવી દીધા.

સ્વામીએ દામોદરને કહ્યું, "દામોદર ! સુંદરજીભાઈનો ધામમાં જવાનો સમય નજીક છે, માટે એમનો ખાટલો ઘરે લઈ જાવ."

સુંદરજીભાઈએ કહ્યું, "સ્વામી ! કૃપા કરી મને ઘેર ન મોકલો, મારે મંદિરમાં જ દેહ મૂકવો છે." આટલું બોલતાની સાથે જ સુંદરજીભાઈની સર્વે વૃત્તિઓ પાછી વળી ગઈ અને દેહનું ભાન ભૂલાઈ ગયું.

સ્વામીએ દામોદરને કહ્યું, "દામોદર ! મંદિરમાં સૂતક લાગે અને ઠાકોરજીની સેવા પૂજામાં બાધ આવે માટે સુંદરજીભાઈને ઘેર લઈ જાવ. તમે ઘરે પહોંચશો એટલે મહારાજ એમને ધામમાં તેડી જશે"

સ્વામીની આજ્ઞા થઈ એટલે દામોદર અને એમના સગાં-વહાલાં સુંદરજીભાઈને ઘરે લઈ ગયા અને જેવા ઘરે પહોંચ્યા એ જ સમયે શ્રીજી મહારાજ સુંદરજીભાઈને ધામમાં તેડી ગયા. કોઈને ન માન્યામાં આવે એવા આવા પ્રત્યક્ષ ઉદાહરણો આજે પણ સત્સંગમાં અવાર-નવાર બનતા રહે છે.

સમર્થ સદ્‌ગુરુની કૃપા હોય તો આત્યંતિક કલ્યાણ અઘરું નથી. ***

સંસ્કાર સિંચન

- શાસ્ત્રી મુનિવત્સલદાસ

હૃદયનું માનવશરીરમાં જેટલું મૂલ્ય છે, એથી વિશેષ મહત્ત્વ માનવજીવનમાં સંસ્કારોનું છે. સંસ્કાર વિહોણું જીવન કપડાં વિનાની કાયા જેવું છે.

બાળક એટલે સૌનું પ્રિય પાત્ર. જેવી રીતે એક ખીલેલું ગુલાબ સૌ કોઈને ગમે છે, તેવી રીતે નાનું બાળક સૌને વ્હાલું લાગે છે. મરાઠી ભાષામાં એક ખૂબ જ સરસ કહેવત છે કે 'મૂલે દેવા ઘરચી ફૂલે' એટલે કે બાળક એ ભગવાનના બગીચાનું સુંદર ફુલ છે. બાળક એ ભગવાનનું અપર સ્વરૂપ છે. એક નાનાં બાળકમાં ભગવાન જેવી જ નિર્દોષતા, નિખાલસતા, સહજતા, સરળતા, નિર્મળતા વગેરે ગુણોના દર્શન થાય છે, પરંતુ એ જ બાળક સમય જતા આસપાસની વ્યક્તિઓ કે વાતાવરણથી પ્રભાવિત થઈ સજ્જન કે દુર્જન બને છે.

વૃદ્ધાવસ્થા એ મૂઝાંયેલું પુષ્પ છે, યુવાવસ્થા એ પૂર્ણ ખીલેલું પુષ્પ છે અને બાલ્યાવસ્થા એ ખીલવાની અદમ્ય ઇચ્છાથી ભરેલાં પુષ્પની કળી સમાન છે. એ અદમ્ય ઇચ્છાથી ભરેલાં પુષ્પની કળીને જરૂર હોય છે માત્ર સંસ્કારયુક્ત પોષણની. સંસ્કારોના સિંચનથી બાળપુષ્પ સોળે કળાએ ખીલી ઊઠે છે.

વાંસનું જંગલ હોય, વાંસળીનું નહીં. ખાણ પથ્થરની હોય, મૂર્તિની નહીં. તેમ કોઈ બાળક સંસ્કારો સાથે નથી જન્મતા, પણ એના જીવનમાં સંસ્કારોનું સિંચન કરવું પડે છે. કોઈ બાળકને એ શીખવવું નથી પડતું કે ઊંઘ આવે એટલે આંખો બંધ કરી દેવી અને ભૂખ લાગે એટલે ખાય લેવું. પણ કેમ સૂવું અને શું ખાવું એ તો અવશ્ય શીખવવું પડે છે, જેને સારી ભાષામાં સંસ્કાર કહેવાય.

આધુનિક સમાજની સળગતી સમસ્યાઓથી ભરેલા ન્યૂઝ પેપર બાળકને શું સંસ્કારો આપી શકશે ? ટી.વી. ચેનલોમાં હીંસા, અશ્લીલતા કે નરી અવાસ્તવિકતા ભર્યા ચલચિત્રો પ્રદર્શિત કરતી સીરિયલો કે ફિલ્મો બાળકને શું સંસ્કારો આપશે ? વિદ્યાથી વિમુખ કરનારી વિડીયો ગેઈમ્સમાંથી બાળક શું શીખશે ? મોબાઈલમાં મસ્ત રહેનાર મા-બાપ પાસેથી બાળક શું પ્રાપ્ત કરશે ? આધુનિક સમયની આ બધી સમસ્યાઓ વચ્ચે બાળકના સંસ્કારોનો યક્ષપ્રશ્ન છે.

એક સામાન્ય વૃક્ષના લાકડાં ઉપર સંસ્કાર કરવાથી ઉપયોગી ફર્નીચર બને છે, એક માટીનાં પીંડને સુસંસ્કૃત કરવાથી સુંદર પાત્રનું સર્જન થાય છે અને એક માનવને સંસ્કારો આપવાથી મહાત્માનું સર્જન થાય છે. પણ શું માનવ એ પુરુષવાચક સંજ્ઞા જ છે ? શું માત્ર દીકરાઓ જ સંસ્કારના અધિકારી છે ? ના. આ સંજ્ઞા તો આબાલવૃદ્ધ, સ્ત્રી-પુરુષ સૌ કોઈને લાગું પડે છે.

જેટલો દીકરાને સંસ્કારો મેળવવાનો અધિકાર છે, તેટલો જ દીકરીને પણ છે. ન માત્ર અધિકાર પરંતુ આધુનિક યુગની અનિવાર્ય આવશ્યકતા બની ગઇ છે દીકરા-દીકરીઓના સંસ્કારોની. દીકરો-દીકરી એક સમાન એ વાત સંસ્કારના અર્થમાં સાર્થક લાગે છે.

શું જરૂર છે દીકરીને સંસ્કારોની ? 'દીકરી તો પારકી થાપણ કહેવાય' એ વાતને આજે એકવીસમી સદીમાં વિસારી દેવી જોઈએ. લગ્ન પછી દીકરી પતિદેવના સમગ્ર કુટુંબનો આધાર બની રહે છે. એક આદર્શ ગૃહિણી જ ઘરની શોભા છે અને એ માટે દીકરીના સંસ્કારો સમગ્ર કુટુંબનો પાયો છે.

આધુનિક યુગના અનેક ઉપકરણોથી ઘેરાયેલા માનવે 'દીકરી ને ગાય, દોરે ત્યાં જાય' એ કહેવતને પણ કદાચ ભૂલવી પડશે અને યાદ કરવી પડશે આજના યુગની એક નવી કહેવતને કે, 'દીકરી તો ભાઈ, સૌને દોરી જાય!'

સમસ્યા છે દીકરા-દીકરીઓના સંસ્કારોની. સંસ્કારોનું સિંચન કોઈ સરળ કામ નથી. માણસમાં સંસ્કાર સિંચનનું કાર્ય મૂર્તિના ઘડતર સાથે સરખાવી શકાય. એક શિલ્પી પથ્થરમાંથી મૂર્તિ કંડારે છે ત્યારે એણે ખૂબ ઝીણવટપૂર્વક ટાંકણાં મારવાના હોય છે. મૂર્તિના

ઘડતર કરતા મનુષ્યના જીવન ઘડતરનું કામ ખૂબ અઘરું છે કારણ કે મૂર્તિ જડ છે, તેને ગમે તેટલા ટાંકણાં મારો તોપણ તે સામો પ્રહાર નહીં કરે અને માનવ ચેતન છે, તેનું ઘડતર કરવા જતાં ક્યારેક પ્રતિકાર પણ થાય અને માનવમૂર્તિ ખંડિત પણ થઈ જાય!

કુશળ શિલ્પી પથ્થરને કાળજીપૂર્વક ટાંકણાં મારે તો મૂર્તિ સાકારિત થાય છે. જો દીકરા-દીકરીઓના સ્વભાવ, ગુણ અને રુચિને ઓળખીને કુશળતા પૂર્વક સંસ્કાર સિંચન કરવામાં આવે તો તેમાંથી આદર્શ બાળકનું સર્જન થાય છે.

ગુજરાતી ભાષામાં એક કહેવત છે, 'પાકા ઘડે કાંઠા ન ચડે.' 'છોડ નાનો હોય ત્યારે એને જે બાજુ વાળો એ બાજુ વળે.' એમ બાળપણથી જ દીકરા-દીકરીઓને જે બાજુ વાળો એ બાજુ વળે. નાનું બાળક મોટે ભાગે અનુકરણશીલ હોય છે. જો બાળપણથી જ સંસ્કારમય વાતાવરણ આપવામાં આવે તો બાળકોમાં સંસ્કારો સહેજે આવે છે.

મોટે ભાગે મા-બાપની સમસ્યા હોય છે બાળકો માટે સમય ફાળવવાની. દરેક માતા-પિતા એવું ઈચ્છે છે કે મારું બાળક સંસ્કારી બને, પણ એની પાછળ સમય બહુ ઓછાં આપે છે. કેટલાક માતા-પિતા વ્યવહાર સાચવવાની વ્યસ્તતાને લીધે બાળકોને સમય આપી શકતા નથી.

એક શાળામાં એક શિક્ષિકાએ વિદ્યાર્થીઓને પરીક્ષામાં પ્રશ્ન પૂછ્યો હતો કે, 'તમને શું થવું ગમે ? શા માટે ?' વર્ગખંડના દીકરા-દીકરીઓને પોતપોતાની ઈચ્છા મુજબ ડૉક્ટર, વકીલ, શિક્ષક વગેરે થવાનું લખ્યું હતું અને તેના કારણો પણ જણાવ્યા હતા. શિક્ષિકા બધા વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ પોતાને ઘરે બેસીને તપાસતા હતા. એમાં એક દીકરીનો લખેલો જવાબ વાંચીને એની આંખમાં આંસુ આવી ગયા.

એ દીકરીએ લખ્યું હતું કે મને મોબાઈલ થવું ગમે. શા માટે ? તો કારણ લખ્યું હતું કે મારા મમ્મી-પપ્પા મોબાઈલને થોડીવાર પણ એકલો મૂકતા નથી, સાથે ને સાથે જ રાખે છે. મારા મમ્મી-પપ્પા મારાં કરતા એનાં મોબાઈલનું વધારે ધ્યાન રાખે છે. મારાં કરતા મોબાઈલને વધારે પ્રેમ કરે છે. હે ભગવાન ! મને મોબાઈલ બનાવ જેથી હું મારા મમ્મી-પપ્પાની સાથે જ રહી શકું અને એ મારાં માટે સમય આપે અને મને પ્રેમ કરે!

દીકરીનો જવાબ વાંચીને શિક્ષિકાને આશ્ચર્ય તો થયું, પણ આંખમાં આંસુ એટલે આવ્યા કે એ જવાબ લખનારી પોતાની જ દીકરી હતી!

કોઈ કવિએ સરસ કહ્યું છે,

પડી જાય ઘર બન્યા પહેલા તો ચણતરની ખામી છે,
ભણેલા કરે વારંવાર ભૂલ તો ગણતરની ખામી છે.
રામ-શ્રવણની આ ભૂમિના કણકણમાં છે માનવતા,
થાય એ ભૂમિમાં જો આવું તો નક્કી ઘડતરની ખામી છે.

દીકરા-દીકરીઓની બાલ્યાવસ્થામાં આપેલો સમયે માતા-પિતાની વૃદ્ધાવસ્થાને સુધારે છે. બાળકોના સંસ્કારો માટે ફાળવેલો સમય બાળકનું ભવિષ્ય ઉજ્જવળ બનાવશે અને માતા-પિતાની વૃદ્ધાવસ્થાને ઉજાગર કરશે.

કેટલાક મા-બાપની પૈસા કમાવાની આંધળી દોટ બાળક માટે નુકશાનકારક નીવડે છે. પૈસા પાછળ પાગલ થયેલો માણસ ભૂલી જાય છે કે દુનિયામાં પૈસા કરતા પણ વધારે મૂલ્યવાન છે સંસ્કાર. રાત-દિવસ મહેનત-મજુરી કરીને ઉછેરેલા બાળકો મોટા થયાં પછી મા-બાપને વૃદ્ધાશ્રમમાં મૂકી આવે, એ બાળકોને યોગ્ય સમયે ન આપેલા સંસ્કારોનું પરિણામ છે. પાણી આવે પછી પાળ બાંધવી વ્યર્થ છે. એમ સમય સરકી ગયા પછી સંસ્કાર સિંચનની આશા રાખવી નિરર્થક છે.

કાપડના તાકાને સિલાઈના સંસ્કાર કરવાથી પહેરવા લાયક બને છે, એમ જીવનમાં સંસ્કારનું સિંચન કરવાથી જીવન જીવવા લાયક બને છે. સુવર્ણને સંસ્કૃત કરવાથી અનુપમ અલંકારનું નિર્માણ થાય છે અને બાળકને સંસ્કાર આપવાથી આદર્શ માનવ બને છે.

બાળ શિવાજીને પારણિયામાં મા જીજાબાઈ પાસેથી રામાયણ-ભાગવતના સંસ્કારો મળ્યા હતા. 'પુત્રના લક્ષણ પારણામાંથી' ગુજરાતી સાહિત્યની આ કહેવત ખોટી નથી, પરંતુ જે માતા બાળકને

પારણિયામાં ઝૂલાવતી ઝૂલાવતી હાલરડાં ગાય કે 'હુલુલુલુ હાલીયો ને તારો બાપ ટાલીયો' તો તે બાળક પાસેથી સંસ્કારોની અપેક્ષા ન રાખી શકાય. બાળકને બાલ્યાવસ્થામાં જેવા સંસ્કારો મળ્યા હોય તેવું તેનું ભવિષ્ય બને છે. સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ કારિયાણીના ત્રીજા વચનામૃતમાં કહે છે કે, 'સારો હોય તે તો બાળકપણામાંથી જ જણાય.' બાળક નાનું હોય ત્યારથી જ તેના વર્તન અને વૃત્તિ ઓળખીને કરેલું સંસ્કાર સિંચન બાળકનું ભવિષ્ય ઉજ્જવળ બનાવે છે.

આપણા શાસ્ત્રોમાં તો બાળકના જન્મ પહેલા જ ગર્ભ સંસ્કારની વાત કરવામાં આવી છે. અર્જુનપુત્ર અભિમન્યુ માતાના ઉદરમાંથી જ યુદ્ધકળા શીખીને આવ્યા હતા, ભક્તરાજ પ્રહ્લાદજીએ મા કયાધુના ઉદરમાં પ્રભુભક્તિના સંસ્કારો મેળવ્યા હતા. તક્ષશીલાના મહાન આચાર્ય ચાણક્ય પાસેથી નાનપણમાં જ સંસ્કારો મેળવીને ચંદ્રગુપ્ત મૌર્ય અખંડ ભારતનો સમ્રાટ બન્યો હતો. દેશના સર્વોચ્ચ પદ પર બેઠા પછી પણ જેને માના આશીર્વાદ યાદ આવે એ માનનીય પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્રભાઈ મોદીના બાળપણના સંસ્કારોનું પ્રતિબિંબ છે.

ઈ.સ.૧૮૮૮, ૪ સપ્ટેમ્બર ના રોજ મોહન વિદ્યાભ્યાસ માટે જ્યારે પ્રથમ વખત ઈંગ્લેન્ડ ગયો ત્યારે એની માતા પુતળીબાઈએ કહ્યું હતું, 'બેટા ! ચાર વાત હંમેશા યાદ રાખજે. દારૂ ન પીતો, માંસ ન ખાતો, પરસ્ત્રીનો સંગ ન કરતો અને ઈશ્વરનિષ્ઠા રાખજે.' મોહને આ ચાર નિયમો આજીવન પાળ્યા અને એ જ મોહન ભારતના રાષ્ટ્રપિતા ગાંધીજી મહાત્મા કહેવાયા. આમ, સંસ્કાર સિંચનથી અનેક બાળકો મહાનતાને પામ્યા છે.

સંસ્કારી બાળક નિર્વ્યસની હોય, વૃદ્ધોની લાકડી હોય, અંધનો આધાર હોય, વિનયી હોય અને સૌનું પ્રિય હોય. સંસ્કારી બાળક સૌને ગમે જ્યારે કુસંસ્કારી બાળક સૌનું નિંદાપાત્ર બને છે.

બાળપ્રભુ ઘનશ્યામ મહારાજ બાળકોના આદર્શ છે. દરરોજ દેવમંદિરે દર્શને જવું, કથા સાંભળવી, શાસ્ત્ર અધ્યયન કરવું વગેરે ઘનશ્યામ મહાપ્રભુની બાળ સહજ પ્રકૃતિ હતી. બાળપ્રભુ ઘનશ્યામ મહારાજના જીવનમાંથી દરેક બાળકને સંસ્કારોની પ્રેરણા મળે છે. શ્રીજી મહારાજ જ્યારે નાના હતા ત્યારે ધર્મદેવે વૃત્તિ પરીક્ષા લીધેલી. શસ્ત્ર, સંપત્તિ અને શાસ્ત્રમાંથી ઘનશ્યામ પ્રભુએ શાસ્ત્રની પસંદગી કરી હતી. બાળપ્રભુ પોતાની આ લીલાથી દરેક બાળકને શાસ્ત્ર-અધ્યયનની પ્રેરણા આપે છે.

કોઈપણ કુટુંબ કે સમાજની મહાનતાની શરૂઆત એક સંસ્કારી બાળકથી થાય છે. માટે સમાજની સમસ્યાનું સમાધાન છે સંસ્કારી બાળક અને પરિવારના પ્રશ્નોનો જવાબ છે સંસ્કારી બાળક.

સંસ્કારો એટલે હૃદયનું શિક્ષણ. આજની શાળા-મહાશાળાઓ દુન્યવી સામાન્ય જ્ઞાન જરૂર આપશે, પરંતુ બાળકને સંસ્કારો ક્યાંથી મળશે ? સંસ્કાર શિક્ષણનું હૃદય છે, એટલે જ કોઈએ કહ્યું છે કે, **The heart of education is the education of the heart.**

આઝાદીના ઉદયકાળમાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે બાળકોના સંસ્કારોની ચિંતા સેવી અને ભગવાન શ્રી સ્વામિનારાયણના સદ્‌વિદ્યા પ્રવર્તનની પ્રેરણાને સાકારિત કરતા ગુરુકુલની સ્થાપના કરી, જેમાં અદ્યાપિ પર્યંત હજારો બાળકો સંસ્કારયુક્ત શિક્ષણ પામ્યા.

એ સંસ્કારધારા પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના ભગીરથ પુરુષાર્થથી **SGVP** ગુરુકુલના માધ્યમથી વિશ્વફલક ઉપર વિસ્તરી રહી છે. દીકરો ભણે અને સંસ્કારો મેળવે તો એક કુળનો ઉદ્ધાર થાય અને દીકરી ભણીને સંસ્કારી થાય તો બે કુળને તારે એ ન્યાયે પૂજ્ય સ્વામીજીએ દીકરીઓના સંસ્કારોની પણ ચિંતા સેવીને દ્રોણેશ્વર કન્યા-કુમાર ગુરુકુલની સ્થાપના કરી, જે કન્યા કેળવણી આજે સૌ કોઈ માટે પથપ્રદર્શક બની રહી છે. ***

ગુરુકુલ દર્શન માસિક અંગેની વિગતો

ન્યૂઝ પેપર રજીસ્ટ્રેશન રુલ ૧૯૫૬ અન્વયે જાહેરનામું

પ્રકાશન સ્થળ:- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ડ્રાઈવ ઈન રોડ,
મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨

પ્રકાશન સમય:- દર માસની ૨૫ તારીખે

મુદ્રકનું નામ:- પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

પ્રકાશકનું નામ:- પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

રાષ્ટ્રીયતા:- ભારતીય

સરનામું:- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ડ્રાઈવ ઈન રોડ,
મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨

તંત્રીનું નામ:- પાર્ષદ શ્યામજી ભગત

રાષ્ટ્રીયતા:- ભારતીય

સરનામું:- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ડ્રાઈવ ઈન રોડ,
મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨

માલિકના માલિક:- પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

હું પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.

તારીખ ૨૫-૩-૨૦૧૮ સહી- પુરાણી બાલકૃષ્ણદાસ.

પુરુષાર્થ

- શ્રી જયદેવ સોનગરા
(Director SGVP international school)

યુવાનોમાં સફળતા માટેનાં હજારો સ્વપ્નો છુપાયેલાં હોય છે અને તે સ્વપ્નોને સાકાર કરવા લાખો વિચારો તેની આસપાસ ઘૂમરાતા હોય છે. દરેક સફળ વ્યક્તિની પહેચાન તે જ્યારે ટોચ ઉપર પહોંચે છે ત્યારે થતી હોય છે. ત્યારે તે વ્યક્તિની આસપાસ પહોંચેલી સગવડો સૌને દેખાય છે. સુખ-સાહ્યબી, સુવિધાઓ અને શબ્દને ઉપાડી લેનારા માણસોની ફોજ દેખાય છે. પરંતુ તે સફળતા સુધી પહોંચવા વ્યક્તિએ વેઠેલો સંઘર્ષ, સહન કરેલી વેદનાઓ, અવિરત પુરુષાર્થ અને સફળતા માટે કેળવેલી જીજીવિષા કોઈને દેખાતી નથી.

રાજકોટની એક શાળાની મુલાકાતના સમયે ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે સરસ કહ્યું હતું, "સફળતા માટે નસીબ જરૂરી છે, પરંતુ નસીબને સફળ બનાવવા માટે અત્યંત પુરુષાર્થ જરૂરી હોય છે અને તે પુરુષાર્થ નસીબ વગર પણ માણસને સફળ બનાવી શકે છે."

પુરુષાર્થ આદર્શવાદના ત્રિભેટે ઊભેલો શબ્દ છે. 'મહેનત' શબ્દથી તે કંઈક વિશેષ છે. 'મજૂરી'થી તે અતિ વિશેષ છે. અર્થ માટે પુરુષનું સમર્પિત થઈ જવું તે પુરુષાર્થ. પરંતુ સાથે જરૂરી છે શિસ્ત, સંયમ, સહનશીલતા, સૌમ્યતા, સહજતા, શાલીનતા અને સુભગ દીર્ઘદૃષ્ટિની.

મિત્રો, પુરુષાર્થ કદી વાંઝિયો હોતો નથી. પુરુષાર્થ કદી નિષ્ફળ જતો નથી. પુરુષાર્થ કદી નિર્માલ્ય હોતો નથી, પરંતુ પુરુષાર્થ વ્યક્તિની કસોટી કરે છે. પુરુષાર્થ વ્યક્તિની નીતિઓને સહનશીલતાની એરણ ઉપર ચઢાવે છે. પુરુષાર્થ વ્યક્તિને નિષ્ફળતાના અગાધ સમુદ્રમાં ડુબકી મરાવે છે અને આ કસોટીમાં જે પાસ થાય, સફળતા તેના પગ ચૂમે છે.

પુરુષાર્થ વ્યક્તિલક્ષી પણ હોઈ શકે છે. કુટુંબના સભ્યો, સંસ્થાના કર્મચારીઓ, એક નગરના નગરજનો કે રાષ્ટ્રના નાગરિકો સાથે મળી જ્યારે એક દિશામાં સંગઠિત કામ કરે તે સૌને જોડતી કડીનું નામ છે પુરુષાર્થ.

"**मा फलेषु कदाचन**" નો અર્થ છે : વ્યક્તિનો ફળ ઉપર અધિકાર નથી એટલે ફળ શું હોઈ શકે તે વ્યક્તિ નક્કી કરી શકતો નથી. એટલે ફળ શું મળશે તે કાર્યની નિયતિ નક્કી કરે છે, વ્યક્તિ નહીં. પરંતુ ફળની અપેક્ષા જ ન રાખવી, તેવો અર્થ થતો નથી.

"**कर्मण्ये वाधिकारस्ते मा फलेषु कदाचन**" ગીતાના આ પ્રખ્યાત સૂત્રનો અર્થ મારી દૃષ્ટિએ જુદો છે. સૂત્ર એમ કહે છે કે, પુરુષાર્થ કરનાર વ્યક્તિએ ફળની ચિંતા કર્યા વગર ઈશ્વરમાં અતૂટ શ્રદ્ધા રાખવી જોઈએ અને આ જ શ્રદ્ધા વ્યક્તિને તર્ક અને બુદ્ધિથી ઉપર ઉઠાવી **Steve Jobs** જેવા વૈશ્વિક સફળ વ્યક્તિએ વર્ણવેલી અને ભારતમાં અનુભવેલી અંતઃસ્ફુરણા **(Intution)** ને મજબૂત બનાવે છે.

એક શિક્ષક તરીકે મેં હંમેશાં દરેક સફળ વ્યક્તિની પૃષ્ઠભૂમિમાં કે તેના પૂર્વાર્ધમાં છુપાયેલી સંઘર્ષકથાને સમજવા સતત પ્રયાસ કર્યો છે. ભારતના સફળ ફિલ્મી નાયકો, રાજનેતાઓ, મહાપુરુષો, સંતો, રાષ્ટ્રનાયકો, સ્વાતંત્ર્યસેનાનીઓ, સફળ રાજાઓ અને તમામ સફળ વ્યક્તિઓના પૂર્વાર્ધમાં આવી કથા અચૂક વણાયેલી હોય છે. દરેક સફળ વ્યક્તિને એવું લાગતું હોય છે કે તેણે સૌથી વધારે સંઘર્ષ કર્યો છે. પરંતુ સફળતાની બધી ઈમારતો સંઘર્ષની આવી ઈંટોમાંથી જ ચણાયેલી હોય છે. સફળતા કદી પણ મહેનત વગર, સંઘર્ષ વગર, સહજ રીતે હાથમાં આવતી નથી અને આવે છે તો ટકતી નથી અને ટકે છે તો જચતી નથી.

સફળતાની પગદંડી પર ચાલી નીકળેલા વ્યક્તિએ હમેશા યાદ રાખવું જોઈએ કે રોડ બેન્ડ થાય છે એન્ડ નથી થતો. સફળતા માટે કદી પણ તમારી સાથે ચાલતા લોકો,

તમારા ઉદ્દેશો માટે સમર્પિત થઈ જાય તેવી અપેક્ષા વધારે પડતી છે, પરંતુ તમારી સાથે ચાલતા લોકોના ઉદ્દેશોને તમારી સફળતાના સૂત્રમાં પરોવી દેવા તે તેની ગુરુચાવી છે. પૂજ્ય મોરારી બાપુએ સાચું જ કહ્યું છે, "સ્વજનોને પોતાના ધંધામાં લાવવાને બદલે જે કામ કરે છે તેમને સ્વજન બનાવી દેવા તે સફળતાનો સરળ ઉપાય છે." સર આઈઝેક ન્યૂટને સાચું જ કહેલું, "સફળતાનો એક રસ્તો મને યાદ નથી, પરંતુ સફળતા સુધી જવાના હજાર નિષ્ફળ રસ્તાઓને હું જાણું છું." ફોર્ડ મોટર કંપનીના માલિક હેનરી ફોર્ડ કાર બનાવવાના સંઘર્ષથી લગભગ હતાશ થઈ ગયા હતા અને જ્યારે ફોર્ડ કંપની બનાવવાની તક મળી ત્યારે કંપની બનાવવાનું સ્વપ્ન સાકાર થયું. અમેરિકાના પ્રખ્યાત **Macy Chain** કંપનીના માલિક **R. H. Macy** ડિપાર્ટમેન્ટલ સ્ટોરની ચેઈન શરૂ કરવી તે તેમના માટે સાતમો ધંધો હતો. સોની કંપનીના માલિક **Akio Morita, Microsoft** ના માલિક બિલ ગેટસ, ડિઝની વર્લ્ડના માલિક વૉલ્ટ ડિઝની, આલ્બર્ટ આઈન્સ્ટાઇન, સોક્રેટિસ, અમિતાભ બચ્ચન, નરેન્દ્ર મોદી અને એવા ઇતિહાસનાં સ્વર્ણિમ પાનાંઓમાં અંકિત થયેલાં અનેક નામો છે.

પુરુષાર્થ એ કોઈ વિચાર નથી, એ એક જીવનશૈલી છે. પુરુષાર્થ એ કોઈ પ્રક્રિયા નથી **Human body** નું **Environment** છે. જીવનના ચાર આશ્રમોમાં બ્રહ્મચર્ય એ સંયમ અને દૃષ્ટિનો પુરુષાર્થ છે. ગૃહસ્થાશ્રમ એ મહેનત અને સંઘર્ષનો પુરુષાર્થ છે. વાનપ્રસ્થાશ્રમ એ સમજ અને સમર્પણનો પુરુષાર્થ છે. સંન્યાસાશ્રમ એ ત્યાગ અને છોડવાનો પુરુષાર્થ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષને જોડતા સેતુનું નામ છે પુરુષાર્થ.

સફળતાના સ્વપ્ન જોવાની આદત એ પુરુષાર્થનું બીજ છે. સંઘર્ષ કરવાની ઇચ્છાશક્તિ એ પુરુષાર્થનું ઇંજન છે. મહત્ત્વાકાંક્ષા એ પુરુષાર્થ માટે ઉદ્દીપક છે. નિષ્ફળતાઓ પુરુષાર્થની પાછળ છુપાયેલી સફળતાની જનની છે અને નિષ્ફળતાથી સફળતા સુધી જતા રથનાં બે પૈડાં છે ધીરજ અને સહનશીલતા.

પુરુષાર્થને સફળતામાં ફેરવવા વ્યક્તિમાં જોઈએ છે નિષ્ફળતાઓની પેલે પાર ઊભેલી સફળતાને જોવાની દૃષ્ટિ. તમારી આસપાર ઊભેલું હતાશ મનોબળ નિરાશા ખંખેરતા શબ્દો, નકારાત્મકતા ફેલાવતા વિચારો, તમારી પ્રગતિને અટકાવવા સક્રિય રહેતા આપ્તજનો અને તમારી ગતિને અવનવી ટીકાઓથી થોપતા લોકોથી બચાવી શકે તેવું મનોબળ અત્યંત જરૂરી હોય છે.

પુરુષાર્થ એટલે અથાગ મહેનત જ નહિ, પરંતુ સમજપૂર્વકની અને આયોજનબદ્ધ મહેનત. પુરુષાર્થ એટલે કામ કરવાની વૃત્તિ નહિ, પરંતુ ઇનોવેટિવ કામ કરવાની આવડત. પુરુષાર્થ એટલે થકવાડી દે તેવો સંઘર્ષ નહિ, પરંતુ ઊર્જા આપે તેવી કાર્યશૈલી. પુરુષાર્થ એટલે સંજોગો પર આધારિત વ્યવસ્થા નહિ, પરતુ સંજોગોને કાબૂમાં કરવાની વ્યવસ્થા. પુરુષાર્થ એટલે પ્રશ્નોને હલ કરવાની બૌદ્ધિકતા નહિ, પરંતુ પ્રશ્નને જુદી દૃષ્ટિથી જોવાની પ્રબુદ્ધતા. પુરુષાર્થ એટલે પૈસા પાછળ દોડતું માનવમન નહિ, પરંતુ સફળતાની પાછળ દોડતી ઇચ્છાશક્તિ. પુરુષાર્થ એટલે વ્યક્તિની સફળતાની કથા નહિ, પરંતુ સાથે ચાલતા સૌને સફળ બનાવવાનો યજ્ઞ. મારી દૃષ્ટિએ સફળતા એ પુરુષાર્થનુ **by product** છે. પરંતુ પુરુષાર્થનું મુખ્ય પ્રોડક્ટ છે પોતાના અસ્તિત્વ સાથેનો સંતોષ. ***

ભગવાન બુદ્ધ તથા એમના શિષ્ય આનંદ એક જંગલમાથી પસાર થઈ રહ્યા હતા. રસ્તામાં તરસ લાગવાથી ભગવાન એક વૃક્ષ નીચે આરામ કરવા બેઠા અને આનંદને પાણી લાવવા આજ્ઞા કરી. આનંદ પાત્ર લઈ પાણી લેવા ગયો, પરંતુ હમણા જ એક બાળદગાડું ઝરણામાંથી પસાર થયું હતું અને એનાંથી ઝરણાનું પાણી ડહોળાઈ ગયું હતું. તેથી આનંદ પાણી લાધા વિના જ પાછો ફર્યો.

ભગવાન બુદ્ધે કારણ પૂછતા એમણે કારણ જણાવ્યું. ત્યારે બુદ્ધે કહ્યું, 'ફરી પાછો જા અને એ જ ઝરણાનું પાણી ભરી લાવ.' આનંદ પાછો ગયો, પણ પાણી ખરાબ હોવાથી ફરી ખાલી હાથે પાછો ફર્યો

બુદ્ધે કહ્યું, 'મારે એ જ ઝરણાનું પાણી પીવું છે, માટે તું ત્યાં પાછો જા અને પાણી ભરી લાવ.' આનંદ આમ ચાર પાંચ વખત આવ્યો અને ગયો પણ પાણી ખરાબ જ હતું. થોડો સમય વીત્યો. ફરી આનંદ પાણી ભરવા ગયો તો પાણી ચોખ્ખું જોયું. આનંદ બુદ્ધ માટે પાણી ભરીને લાવ્યો અને આપ્યું. એ વખતે બુદ્ધે વાત કહી, 'બેટા ! આપણા જીવનરૂપી જળને પણ કુવિચારરૂપી ગાડાંઓ રોજ દુષિત કરે છે. ત્યારે આપણે જીવનથી દૂર ભાગીએ છીએ. પરંતુ ભાગવાને બદલે મનરૂપી ઝરણું શાંત થાય એની રાહ જોવી જોઈએ. જો ધીરજ રાખીને પુરુષાર્થ કરતા રહીશું તો ધીમે ધીમે બધું જ ચોખ્ખુ દેખાશે. બીલકુલ પેલા ઝરણાની જેમ!' આમ કહી બુદ્ધે પાણી પીધું અને આગળ ચાલવા માંડ્યા.



સુભાષિત રસાસ્વાદ

સંત સમાગમ

- રમણીકભાઇ રૂપારેલીયા

महानुभावसंसर्गः कस्य नोन्नतिकारकः ।
पद्मपत्रस्थितं तोयं धत्ते मुक्ताफलश्रियम् ॥

'મહાનુભાવોનો સહવાસ અને સમાગમ કોને ઉન્નતિકારક નથી બનતો ? કમળપત્ર પર રહેલું પાણીનું બિંદુ પણ મોતી જેવી શોભા ધારણ કરે છે.'

સત્શાસ્ત્ર, સાચા સંત, સત્પુરુષ અને મહાનુભાવોનો સમાગમ એટલે સત્સંગ. સાથે રહેવા માત્રને કે સહવાસને સંગ કહેવાય, સત્સંગ નહિ. સાચા અર્થમાં તો તેમનુ સવન કરે ત્યારે જ સમાગમ કર્યો કહેવાય. મહાનુભાવો, ભગવદ્‌ભક્તો અને સંતોનો આવો સમાગમ જ સૌને ઉન્નતિકારક અને સુખદાયી બને એ નિર્વિવાદ હકીકત છે. આવો સત્સંગ સૌને લાભદાયક પુરવાર થાય છે.

